# ઈડીઆઈઆઈ ખાતે આંત્રપ્રિન્યોરે શેર કરી સક્સેસ બિઝનેસ સ્ટોરી

## ઈડીઆઈઆઈની 2008થી અત્યાર સુધીની બેચના કુલ 300 વિદ્યાર્થીઓએ પોતાનો સ્વાયત બિઝનેસ સ્ટાર્ટ કર્યો છે



• હું એમ માનું છું કે ગણિત જેવાં વિષયમાં કેટલાં કલાકની તૈયારી કરી તે કરતાં કેટલી ચોકસાઇથી

સિટી રિપોર્ટર @ahm_cb

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયા(ઈડીઆઈઆઈ) ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન મેનેજમેન્ટ -બીઝનેસ આંત્રપ્રિન્યોરશીપ જેવા કોર્સમાં 2008થી અત્યાર સુધી અભ્યાસ પૂર્ણ કરીને પોતાનો સ્વાયત બિઝનેસ સ્ટાર્ટ કરનારા આંત્રપ્રિન્યોરે પોતાની સક્સેસ સ્ટોરી શેર કરી હતી. ઈડીઆઈડીના ડાયરેક્ટર સુનિલ શુક્લે સ્ટાર્ટઅપ ફડીંગ અને આંત્રપ્રિન્યોર સ્ટુડન્ટસે સક્સેસ બિઝનેસ માટેની ટિપ્સ આપી હતી. આ સાથે સ્ટાર્ટઅપ શરૂ કરનાર આંત્રપ્રિન્યોરને 2017ના વર્ષમાં ક્યા ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ શરૂ કરવા જોઈએ તેની માહિતી આપી હતી.

ઈડીઆઈઆઈના ડાયરેક્ટર સુનિલ શુક્લાએ 2017ના વર્ષમાં હેલ્થક્ષેત્રમાં સૌથી વધુ સ્ચાર્ટ શરૂ કરવાની આંત્રપ્રિન્યોરને ટીપ્સ આપી હતી.સુનિલ શુક્લાએ કહ્યુ કે હેલ્થના ક્ષેત્રે આજે પણ આપણે સ્વાયત નથી.હેલ્થના સાધનો અને ટેકનોલોજી આપણે વિદેશથી આયાત કરવી પડે છે.જો આંત્રપ્રિન્યોરે આ ક્ષેત્રના પ્રોબ્લમને ધ્યાનમાં લઈ કોઈ સ્ટાર્ટઅપ શરૂ કરશે તો જરૂરથી તેમા સફળતા મળશે.

સુનીલ શુક્લાએ વિમેન આન્ત્રપ્રિન્યોરને બિઝનેસમાં જોડાવાનું સૂચન કરતા કહ્યુ કે, 'ફોરેન કન્ટ્રીમાં દરેક બિઝનેસમાં 50 ટકા સ્ત્રીઓની ભાગીદારી હોય છે. ત્યાં કંપનીના સીઈઓથી માંડીને એમડી સુધીની પોસ્ટ પર મહિલાઓ પોતાની બિઝનેસ સ્કિલ બતાવે છે. ફોરેનના આ કલ્ચરને અહીંની યંગ વિમેન આન્ત્રપ્રિન્યોરે એપ્લાઇ કરવાની જરૂર છે.'

## EDIIની ફર્સ્ટ યરની સ્ટુડન્ટે શરુ કર્યુ સ્ટાર્ટ અપ



ઈડીઆઈઆઈના ફર્સ્ટ યરમાં સ્ટડી કરતી રુહી પ્રધાને સ્ટડીની સાથે જ પોતાનો બિઝનેસ સ્ટાર્ટ કરી દીધો છે. આજે તે ટેક્સટાઈલમાં ઘણી બધી વુમન અને મેન્સ વેર કંપનીઓને સામાન અને રો મટીરિયલ્સ અને મેન્યુફેક્ચરીંગ પૂરુ પાડે છે. સાત લાખના ઈનવેસ્ટમેન્ટમાં જ તેણે પોતાનું બિઝનેસ યુનિટ વાપી ખાતે સ્થાપિત કર્યો છે. આ અંગે રુહી પ્રધાન કહે છે, 'મારે મારો પોતાનો બિઝનેસ સ્ટાર્ટ કરવો હતો. મેં સર્ચ કર્યુ ત્યારે જાણવા મળ્યું કે, ટેક્સટાઈલ બિઝનેસમાં મેન્યુફેક્ચરીંગ અને સપ્લાયમાં ત્રુટીઓને કારણે બિઝનેસ પ્રોપર રીતે નથી થતો, જેના પર ફોકસ કરીને મેં વાપી ખાતે મારું પ્રથમ મેન્યુફેક્ચરીંગ યુનિટ સ્ટાર્ટ કર્યુ છે. જે આજે બીગ બજાર સાથે કામ કરે છે.